વિલીનીકરણ થનાર શાળાઓનો કબ્જો લઈ રજીસ્ટ્રેશન રદ કરાવવા આદેશો

શાળાઓનું નબળું પરિણામ તેમજ વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યાને કારણે નિર્ણય લેવામાં આવ્યો છે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગાંધીનગર શહેરની ચાર સરકારી શાળાઓના વિલીનીકરણના કરેલા નિર્ણયને પગલે હવે આ શાળાઓના માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથેના જોડાણો પણ રદ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સરકારના શિક્ષણ વિભાગે આ કાર્યવાહી હાથ ધરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને સત્તા સોંપી આગળની વહીવટીય કામગીરી પણ તાકીદે પૂર્ણ કરી તેની જાણ કરવા જણાવી દીધુ છે.

શાળાઓના વિલીનીકરણને પગલે શિક્ષકોની વધ-ઘટ તેમજ જે તે શાળાઓ અન્ય શાળાઓમાં મર્જ થતાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને શાળાની સંલગ્ન તમામ કચેરીઓને શાળાના નવા નામ-સરનામાની પણ જાણ કરવાની રહેશે.

શિક્ષણ વિભાગે કરેલા આદેશમાં શાળાના સ્ટાફના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક વહીવટી કર્મચારીઓનું નિયમાનુસાર સંખ્યાબળના નોર્મ્સ, વર્ગનો રેસીયો, વિષયોની જરૂરિયાત મુજબ જે તે

● અનુસંધાન પાન-૫ પર

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગાંધીનગરના આકાશ પર ચાર દિવસથી ઘેરાયેલા વાદળો આખરે શુક્રવારે વરસી પડ્યા હતા. પરંતુ આ વરસાદને કારણે શહેરવાસીઓ ઉંઘતા ઝડપાયા હોય એવો ઘાટ થયો હતો. કામકાજના સમયે બહાર નીકળી ચૂકેલા અનેક નગરજનો આ માવઠાને કારણે કફોડી પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હતા. (તસવીર : દિપક જાની)

ઉનાળુ વેકેશનનો માહોલ ગાંધીનગરમાં જામ્યો છે, અવનવી શિબિરોમાં ને ઈતર પ્રવૃત્તિઓમાં નગરજનો રસ લેવા માંડ્યા છે. સે. ૨૧ જીમખાના ખાતે રમતોની પ્રવૃત્તિ પૂરબહારમાં જામી છે. (તસવીર : દિપક જાની)

શહેરમાં ચાર દાયકા બાદ પણ પર્યાપ્ત બસ સુવિધાનો અભાવ

રોજ હજારો નાગરિકો ૧૫૦ જેટલા ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરે છે

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ચાર દાયકાના અંતે પણ પર્યાપ્ત બસ સુવિધા ઉપલબ્ધ ન થતા રોજબરોજ હજારો નાગરિકોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાની ફરજ પડે છે. એસ.ટી.ના મુખ્ય બસ ડેપો નજીકથી જ રોજબરોજ દોડતા ૧૫૦ જેટલા ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી ખેડતા અપડાઉનકર્તાઓની અકળામણ વિસ્ફોટક બને તેવી સ્થિતિ સર્જાઈ હોવાનો આક્રોશ ઉદભવ્યો છે.

પાટનગરમાં હાલની સ્થિતિએ ૩ લાખ જેટલી વસતી હોવા છતાં આમ નાગરિકોને પર્યાપ્ત રૂપે મૂળભૂત સેવાઓ ઉપલબ્ધ ન થતી હોવાનો આક્રોશ નગરના જાગૃત નાગરિકોએ વ્યકત કર્યો છે. શહેરમાં ૪૨ વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ એસ.ટી.ની સલામત સવારી સૌ કોઈને નસીબ ન થતી હોવાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. આ અંગે શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાએ રાજ્ય વાહન વ્યવહાર નિગમના ચેરમેન બી.એમ. ઘોડાસરાને રજૂઆતમાં જણાવ્યા અનુસાર એસ.ટી. તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવા છતા નગરજનોને પૂરતી બસ સેવા ઉપલબ્ધ થતી નથી. જેના પરિણામે શહેરના મધ્યભાગમાં સ્થિત ડેપો નજીકથી જ દોડતા ૧૫૦ જેટલા ખાનગી વાહનોમાં મુસાફરોએ જોખમી મુસાફરી કરવી પડે છે. બીજી તરફ કર્મચારી વર્ગ માટે ૮૬ જેટલા પોઈન્ટની બસો દોડાવવામાં આવી રહી છે. આવા સંજોગોમાં સ્થાનિક નગરજનોને પીક અવર્સમાં એસ.ટી. બસો ન મળતા લાંબા સમય સુધી વલખા મારવા પડે છે. જયારે ગાંધીનગર-અમદાવાદ અપડાઉનકર્તા નોકરીયાતવર્ગ સહિત વિદ્યાર્થીઓની મુશ્કેલી પણ વધી છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ નાગિરકોની હાડમારીઓનો અંત લાવવા પૂરતી બસ સેવા ઉપલબ્ધ થાય તેવું આયોજન ગોઠવવા પ્રબળ માંગણી કરવામાં આવી છે.

અંશકાલીન સફાઈ કામદારોને પગરખાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૦

આકરા ઉનાળે ઉદ્યાડપગા શ્રમજીવીઓને ગરમીથી રક્ષણ આપવા શહેરમાં પગરખા વિતરણની ઉમદા કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળ દ્વારા સે-૫-ડી ખાતે નવીન પાણીની ટાંકીના નિર્માણ કાર્યમાં જોડાયેલા ૧૫૦ શ્રમિકોને પગરખાનું વિતરણ કરાયું હતું. જયારે આજે મહાનગરપાલિકાના ૧૦૦ જેટલા અંશકાલીન સફાઈ કામદારોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મ્યુનિસિપલ કમિશ્નર સી.આર. ખરસાણ તેમજ સ્થાયી કમિટીના અધ્યક્ષ પ્રવિણ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

દોઢ વર્ષના અંતે પણ અન્ડરપાસ બનાવવાનો મામલો અધ્ધરતાલ

અગાઉ રીપોર્ટ તૈયાર કરવા કન્સલટન્ટને જવાબદારી સોંપાઈ હતી : આખરી આયોજન થઈ શકતું નથી

ગાંધીનગર, તા.૨૦

નગરના હાર્ટસમા વિસ્તારમાં નિર્માણ પામતા સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી ગત વર્ષ દરમિયાન મુખ્ય માર્ગો પર અન્ડરપાસ બનાવવા આયોજન કરાયુંહતું. પરંતુ દોઢ વર્ષના અંતે પણ અન્ડરપાસ બનાવવાના મામલે કોઈ નિર્ણય ન લેવાતા આયોજન આખરી થઈ શકતું નથી. અન્ડરપાસના નિર્માણ માટે ઘણી ખરી ટેકનીકલ બાબતો સંદર્ભે અભ્યાસ હાથ ધરવો અનિવાર્ય હોવાથી કન્સલટન્ટને રીપોર્ટ તૈયાર કરવા પણ સૂચવાયું હતું પરંતુ હજુ સુધી અન્ડરપાસનો મામલો અધ્ધરતાલ છે.

શહેરના મધ્યભાગમાં નિર્માણ પામતી સ્વર્ણિમ પાર્કની સોહામણી યોજનાને અનુલક્ષી નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની દૃષ્ટિએ કોઈ અડચણો ઉભી ન થાય તે માટે દોઢ વર્ષ અગાઉ અન્ડરપાસ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં નગરના 'ઘ', 'ચ' અને 'ગ' માર્ગ પર પ્રાથમિક તબક્કે આ આયોજન સંદર્ભે સઘન વિચારણા હાથ ધરવામાં આવી હતી. અન્ડરપાસના આ પ્રોજેકટને અનુલક્ષી અગાઉ બજેટ દરમિયાન પણ ખર્ચની રકમને મંજૂરી આપવામાં

● અનુસંધાન પાન-૫ પર

શાળાઓના વિલીનીકરણનો નિર્ણય વિદ્યાર્થીઓના હક્ક પર તરાપ સમાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની ચાર માધ્યમિક શાળાઓના વિલીનીકરણનો નિર્ણય સરકારનો ઉતાવળીયો નિર્ણય છે અને શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે અન્યાયકર્તા છે.

ગાંધીનગર કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના પ્રવક્તા અને કાઉન્સીલર શ્રી અશ્વિન વ્યાસે સરકારનો આ નિર્ણય તઘલખી લેખાવી તેમાં પુનઃ વિચારણા કરવા માટે શિક્ષણ મંત્રીને એક પત્ર લખી ઉગ્ર રજુઆત કરી છે.

શ્રી વ્યાસે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારથી શાળા સુધી પહોંચવા વિદ્યાર્થીઓ માટે બસની સુવિધાઓ નથી તેમજ સરકારી શાળામાં ભણતા બાળકો મધ્યમ વર્ગમાંથી આવી રહ્યા છે.

શ્રી વ્યાસે શાળાઓના વિલીનીકરણમાં શહેરની ભૌગોલિક પરિસ્થિતિને પણ ધ્યાને લેવામાં આવી ન હોવાનો આક્ષેપ કર્યો છે એટલુ જ નહિ પણ સંખ્યા ઓછી હોવાના કારણોની ઉંડાણમાં તંત્ર ગયુ નહિ હોવાનું જણાવ્યું છે.

સરકારનો આ નિર્ણય તઘલખી હોવાનું જણાવતાં તેમણે તેમના પત્રમાં ગરીબ બાલકોના શિક્ષણ મેળવવાના હક્ક પર તરાપ મારનારો છે તેમજ આ શાળાઓમાં શિક્ષણ સુધારણાના પગલાંઓ લેવાનો પ્રયાસ તંત્રએ કર્યો જ નથી.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારીઓને તેમની ફરજ ઉપરાંતની અન્ય કામગીરી સોંપવાના મુદે વિવાદ ઉભો થવા પામ્યો છે. ● ગાંધીનગર જિલ્લાના સમૌ ખાતે તાવના કેસો મળતાં આજે બે દર્દીઓના લોહીના નમુના મેળવી તપાસ માટે અમદાવાદ મોકલવામાં આવ્યા છે. ● ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્સ્પેકશન માટે આવેલી ટીમે આજે તેની કામગીરી પૂર્ણ કરી દીધી છે હવે તે પોતાનો અહેવાલ મેડીકલ કાઉન્સીલને આપશે. ● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના માતુશ્રીનું દુઃખદ અવસાન થયું છે. ● જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી રાકેશ વૈદ્ય રજા પર ગયા છે. ● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા વાર્ષિક વિકાસની કેડી ૨૦૧૦-૧૧ નામે એક નાનકડી પુસ્તિકાનું પ્રકાશન કરાયું છે. જેમાં તંત્રની સિદ્ધિઓ દર્શાવાઈ છે.

નાયબ મામલતદારો બદલાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લાના ત્રણ નાયબ મામલતદારોની બદલીના હુકમો જારી કર્યા છે.

બદલીના કરાયેલા આ હુકમોમાં ગાંધીનગર ડિઝાસ્ટર કંટ્રોલમાં ફરજો બજાવતા નાયબ મામલતદાર શ્રી સુરેશ પ્રજાપતિને તિજોરી અવલ કારકુન માણસા તરીકે, ઈ. ધરા કલોલ અને ફરજો બજાવતા શ્રી આર.સી. રાઓલને નાયબ મામલતદાર વહીવટ-૧ કલેક્ટર કચેરી ખાતે તેમજ વહીવટ-૧ના નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી દિનેશ પટેલને ઈ. ધરાના નાયબ મામલતદાર કલોલ તરીકે મુકવામાં આવ્યા છે.

રાજ્યમાં ૩૨૭૦૦ સરકારી પ્રા.શાળા કૉર્પોરેટ સેક્ટરને સોંપવા સામે વિરોધ

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં ૩૨૭૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશીપ હેઠળ ખાનગી ઉદ્યોગગૃહો અને સંસ્થાઓને હિલચાલ સામે મહાગુજરાત જનતા પાર્ટીના પ્રમુખ ગોરધન ઝડફિયાને વિરોધ કરીને મુખ્યમંત્રીને પત્ર લખી એવી રજુઆત કરી છે કે, સરકારી પ્રાથમિક સોંપવામાં આવશે તો પાછળા બારણે સંચાલકો જુદા-જુદા વિકાસના ઓઠા હેઠળ ફી ઉઘરાવવાનું તથા સરકારી મિલ્કતોનો કોમર્શિયલ ઉપયોગ કરવાનું શરૂ કરી દેશે.

ઝડફિયાએ જણાવ્યું છે કે, સરકારી પ્રાથમિક શાળાઓમાં આજે ગરીબ અને મધ્યમવર્ગના બાળકો વિના મૂલ્યે શિક્ષણ મેળવી રહ્યા છે. જો ઉદ્યોગગૃહોને પ્રા.સ્કુલોનું સંચાલન સોંપાશે તો વિકાસના આધુનિકરણના રૂપાળા નામ નીચે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો મફત શિક્ષણના બદલે ઉંચી ફીના ભોગ બનશે. અને છેવટે પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેશે. જ્યાં-જ્યાં સરકારે સરકારી હોસ્પિટલો અને હાઈસ્કૂલો ખાનગી ટ્રસ્ટને સોંપી છે ત્યાં-ત્યાં એક યા બીજા બહાને ગરીબોને મળતી સેવાઓ બંધ પ્રાથમિક શિક્ષકો છે તે સરકારી કર્મચારીઓ છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૨-૪-૧૨ રવિવારના રોજ સવારના ૧૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે, જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સેક્ટર-૧૫

- ટોરેન્ટ પાવર લીમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com